ગાંધીનગરના ઘરોની છત ભલેને કાચી હોય પણ ઘરની દિવાલો પાક્કી

'દિવાલોને ય કાન હોય છે' નું ગણિત ગાંધીનગરના સેન્સસમાં !

ગુજરાતની સરખામણીએ ગાંધીનગર જિલ્લામાં મકાનોની છત મિણીયા પ્લાસ્ટીકની વધારે છે પરંતુ જ્યારે રહેણાંક મકાનની દિવાલોની વાત કરીએ તો રહેણાંક મકાનો પૈકીનો ૭૬ ટકા મકાનો પાકી ઈંટના બનેલા છે. એટલે ઘરની છત ભલે મિણીયા પ્લાસ્ટીકની હોય પણ ઘરની દિવાલો તો ઈંટની મજબૂતાઈ સાથે જોડાયેલી હોય છે. ગાંધીનગર શહેર અને જિલ્લાના વસ્તી ગણતરીના આંકડાઓ દ્વારા એમ કહી શકાય કે 'ગાંધી'ના નામ સાથે જોડાયેલા આ જિલ્લાના ગ્રામીણ કે શહેરી વિસ્તારોના રહીશો 'દિવાલોને પણ કાન હોય છે' એમ સ્વીકારીને ઘરની ચાર દિવાલો તો આ કાનરૂપી દિવાલોની શ્રવણ શક્તિને ઘટાડવાનો પ્રયાસ કરે છે !

ગાંધીનગરમાં ગ્રામીણ ક્ષેત્રમાં ૧,૮૯,૩૧૨ અને શહેરી વિસ્તારમાં ૧,૬૦,૮૪૩ રહેણાંક મકાનો સાથે કુલ ૩ લાખ ૫૦,૧૫૫ મકાનો નોંધાયેલા છે. એ પૈકી ગ્રામીણ ક્ષેત્રમાં ૧ લાખ ૨૯,૭૬ મકાન અને શહેરી ક્ષેત્રમાં ૧ લાખ ૩૬,૨૪૪ મકાનની ચાર દિવાલો પાકી ઈંટોથી બનેલી છે. જેની કુલ મકાનોની ટકાવારી સામે ૭૬ ટકા જેટલી થાય છે. ઉપરાંત ત્રણ ટકા મકાનો પાકા કોન્ક્રીટના બનેલા છે. જ્યારે ૧૮ ટકા જેટલા મકાનોની દિવાલ માટી દ્વારા ઈંટો અને ગારા-છાણના લિંપણ સાથેના મિશ્રણની બનેલી છે. આમ, પાકી ઈંટો અને ગાર-માટી-કાચી ઈંટો સાથે અનુક્રમે ૭૬ ટકા અને ૧૮ ટકાની સરેરાશ સાથે ગાંધીનગરમાં આ બે પ્રકારમાં જ મકાનોની ૯૪ ટકા દિવાલો બનાવવામાં આવી છે. જ્યારે બાકીના ૬ ટકા મકાનો ઘાસફૂસ-પત્તા કે પ્લાસ્ટીક-મિણીયા લાકડી-પથ્થર (ગારા કે ચુના સાથેના અથવા તેના વગરની) એસ્બેસ્ટોસ પતરા કે ધાતુના પતરા અને અન્ય સામગ્રી સાથે ઘરની દિવાલ બનાવવામાં આવી છે એમ આંકડાઓ દર્શાવે છે. પાકી કે કાચી ઈંટ અને પથ્થરની દિવાલ સિવાય જો તદ્દન કાચી દિવાલની વિગતો જોઈએ તો ઘાસ-ફૂસ-વાંસ, પોલિથિન, ધાતુના પતરા, લાકડી અને અન્ય સામગ્રી સાથે કુલ ૮૧૫૭ મકાનોની દિવાલ સાવ કાચી છે. અલબત્ત ગાંધીનગરના શહેરી સેન્સસ વિસ્તારો કરતાં ગ્રામીણ વિસ્તારોના ઘરોની દિવાલો જ વધુ પ્રમાણમાં આવી કાચી સામગ્રીમાંથી બનાવવામાં આવે છે.

સમગ્ર ગુજરાતના આંકડાઓ ચકાસીએ ગ્રામીણ ગુજરાતમાં પાકી દિવાલો વાળા મકાનોની ટકાવારી ૪૮ ટકા અને શહેરી ગુજરાત દિવાલો વાળા મકાનોની ટકાવારી ૮૪ ટકા છે જે ગુજરાતની સરેરાશ ૬૬ ટકા છે. આવી જ રીતે જોઈએ તો ગાંધીનગર ગ્રામીણમાં ૭૧ ટકા, શહેરી ગાંધીનગરમાં ૮૭ ટકા સાથે ગાંધીનગરની કુલ સરેરાશ ૭૯ ટકા છે. જે દર્શાવે છે કે પૂરા ગુજરાતની સરખામણીએ ગાંધીનગરમાં દિવાલ પાકી હોય એવા ઘરોની સ્થિતિ સારી છે. ગ્રામીણ ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગાંધીનગરમાં ૧૩ ટકા વધુ મકાનો અને શહેરી ગુજરાતની સરખામણીએ ૩ ટકા વધુ મકાનો પાકી દિવાલ સાથેના છે. ગુજરાત અને ગાંધીનગરના તમામ મકાનોના આંકડાઓ તપાસીએ તો પણ પાકી દિવાલો વાળા મકાનો વધુ છે જે એક સારી સ્થિતિ ગણી શકાય. આગામી દિવસોમાં જેની ૬ ટકા ગાંધીનગરાઓની 'ઘર'ની દિવાલ સાવ જ કાચી છે એ પાકી બની જાય તો આપણે ૧૦૦ ટકાના લક્ષ્યાંક સિદ્ધ કરી શકીએ. ગ્રામીણ ગાંધીનગરને એમાં વધારે જોડવું પડશે.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે)

ઈમાનદારી દિવસે ઈમાનદાર અધિકારીઓને આ તસવીર ભેટ

રાજયના પાટનગરમાં દરેક વ્યકિત રોફ મારતો નજરે પડે છે, ત્યારે સામાન્ય નાગરીક માટે કાયદા-કાનુન હોય છે. સચિવાલયમાં બેસી ને સમગ્ર ગુજરાતનો વહીવટી કરતા અને સંભાળતા મોટા સરકારી બાબુઓ અને રાજકીય આગેવાનોને કોઈ નિયમ લાગુ પડતા નથી તેમ લાગી રહ્યું છે. માત્ર પ્રજાના પૈસે તેઓ તાગડધિન્ના કરે છે. ત્યારે શહેરના સેકટર-૨૧ શાકમાર્કેટ ખાતે સવારના સમયે સરકારી ગાડીઓનો બેફામ ઉપયોગ નજરે પડે છે. શાકમાર્કેટના માર્ગ પર સરકારી ગાડીઓનો ખડકલો જોવા મળે છે. પરંતુ આ ગાડીઓ કોઈ તંત્ર હટાવી શકતુ નથી, જયારે ગાડીઓ હટાવવા જાય તો કર્મચારીની બદલી થઈ જાય તેવા અધિકારીઓની ગાડીઓ હોય છે. જેથી સામાન્ય કર્મચારી આ ગાડીઓ સામે નજર સુધ્ધા નાંખતો નથી. ત્યારે માર્ગ વચાળે ગાડીઓ પાર્ક કરતા અને સામાન્ય નાગરીકને આડશરુપ બનતા સરકારી બાબુઓની તાસીર અને ગાડીઓની આ તસવીર....

હજુ, શહેરના ૬૦ ટકા માર્ગો ઉબડ-ખાબડ

વરસાદી દિવસોના અંતે બાકી કામો થશે : જુના સેકટરોના આંતરિક માર્ગો તેમજ આડા રસ્તાઓનુ કામ પણ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૨

શહેરના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હજુ ઘણી ખરી બાકી છે. સે ૧ થી ૫ માં આંતરિક માર્ગોને ચકાચક કરી દેવાયા બાદ હજુ સે-૬ થી ૮ માં માર્ગોની કામગીરી બાકી છે. આ ઉપરાંત શહેરમાં આંતરિક માર્ગો ઉપરાંત આડા રસ્તાઓ તેમજ મુખ્યમાર્ગોનુ કામ પણ બાકી છે. શહેરમાં માર્ગ સુધારણાની માત્ર ૪૦ ટકા જ કામગીરી થઇ છે. જયારે ૬૦ ટકા કામ હજુ બાકી છે. ત્યારે વરસાદી દિવસોના અંતે પણ સેકટરોમાં માર્ગોનુ પેવર કામ હાથ ધરાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે તંત્ર દ્વારા વિભાગને રજુ કરાયેલી દરખાસ્ત હજુ પેન્ડીંગ છે. ગત દિવસોમાં શહેરમાં ગ માર્ગ સહીત રોડ નં -૫ ને યોગ્ય કરવાની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે. શહેરમાં હજુ માર્ગ સુધારણાની કામગીરી બાકી છે. નવા સેકટરોમાં સે-૧ થી ૫ માં આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે સે-૬ થી ૮ માં રસ્તાનુ કામ હજુ બાકી છે. આ ઉપરાંત નગરના જુના સેકટરોમાં પણ રસ્તાઓની કામગીરી બાકી છે. જેમાં સે-૨૦ થી ૩૦ ના ખાનગી રહેણાંક વિસ્તારમાં પણ માર્ગો બન્યા નથી. જયારે આ અન્વયે તંત્ર દ્વારા દરખાસ્ત પણ કરવામાં આવી છે. જો કે હજુ આ દરખાસ્તને મંજુરી મળી નથી. જયારે નવા સેકટરોમાં સે-૬ થી ૮ માં વરસાદી દિવસોના અંતે રીંગરોડને ચકાચકા બનાવાની કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત નગરના ઘ અને ચ માર્ગનુ પણ પેવર કામ હાથ ધરાશે. પરંતુ શહેરમાં સ્થિત હજુ આડા રસ્તાઓની કામગીરી બાકી છે. શહેરના રોડ નેટવર્કની જાળવણી પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. જયારે આગામી જાન્યુઆરીમાં વાઈબ્રન્ટ સમિટ પુર્વે પણ શહેરમા નવા માર્ગોની કામગીરી પુર્ણ કરવા માટે આયોજન કરવામાં આવશે. શહેરનુ રોડ નેટવર્ક પણ અંદાજિત ૬૧૩ કી મી જેટલુ છે. જયારે માર્ગોના નવિનીકરણ માટે પણ દર પાંચ વર્ષે કામગીરી હાથ ધરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જુદા જુદા સંવર્ગની ૧૦૮ જગ્યાઓ ભરાશે

ભરતી માટેની પ્રાથમિક કવાયતો સરકાર દ્વારા હાથ ધરાઈ : વિવિધ પંચાયતોમાં ૨૨૦૦થી વધુની ભરતી કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આગામી દિવસોમાં તલાટી કમ મંત્રીની ૩૩ તેમજ જુનિયર ક્લાર્કની ૩૫ જગ્યાઓ સહિત કુલ ૮ સંવર્ગની ખાલી જગ્યાઓ પર ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા પંચાયતોમાં ખાલી પડતી જગ્યાઓની ભરતી માટે દસ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરવામાં આવ્યુ છે. એ મુજબ આ વર્ષે ભરતી માટેનું માંગણાપત્રક સરકારની મંજૂરી માટે મોકલી આપવાની કવાયત હાલ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યમાં વિવિધ પંચાયતોની જુદા જુદા ૮ સંવર્ગની ૨૨૦૦ થી વધુ જગ્યાઓ પર આ ભરતી કરવામાં આવનાર છે. જે અંગે રાજ્યના અંદાજપત્રમાં પણ જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જે ૮ સંવર્ગમાં ભરતી કરવામાં આવનાર છે તેમાં તલાટીની ૩૩, જુનિયર ફાર્માસીસ્ટની ૦૫, વિસ્તરણ અધિકારી-૦૧, નાયબ ચીટનીસ-૦૨, ગ્રામસેવક-૧૧, ફિમેલ હેલ્થ વર્કરની ૮ અને સેવિકાની ૦૭ જગ્યાઓનો સમાવેશ થાય છે.

આ માટે પંચાયતમાં તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. ગત વર્ષે તલાટીની ભરતી પછી પણ જગ્યાઓ ખાલી રહેવા પામી હતી અને બે-બે વાર વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવાની સત્તાવાહકોને ફરજ પડી હતી જે ઉલ્લેખનીય છે.

આ વખતે ભરતીની પ્રક્રિયામાં કેટલીક નવી શરતો ઉમેરવામાં આવે તેવી શક્યતાના સંકેતો પણ મળી રહ્યાં છે. ટૂંકમાં સરકારની મંજૂરી મળી ગયા બાદ ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ડિસે. ૧૮ પહેલાં આ ભરતીની પ્રક્રિયા સંપન્ન કરવામાં આવશે તેમ પણ પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

ગ્રામીણ વિસ્તારોમાં પણ હવે ૧લી ઓગષ્ટથી સ્વચ્છતા સર્વેક્ષણ યોજાશે

એક મહિના સુધી આ સર્વેક્ષણ ચાલશે : સ્વચ્છતાના પ્રોટોકોલ મુજબ માર્કિંગ સિસ્ટમ તૈયાર કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યના ૧૩ હજાર ગામોમાં આગામી ૧લી ઓગષ્ટથી સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૮ હાથ ધરવામાં આવશે. એક મહિના સુધી આ સર્વેક્ષણ ચાલશે.

ગ્રામ વિકાસ એજન્સી દ્વારા આ સર્વેલન્સની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. રાજ્ય કક્ષાએથી તેનુ મોનીટરીંગ કરાશે અને તે માટે મૂલ્યાંકનની પદ્ધતિ સ્વચ્છતા મિશન દ્વારા સ્વચ્છતા અંગેના નિયત થયેલા પ્રોટોકોલ મુજબ થશે.

રાજ્યમાં સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ યોજના અંતર્ગત ખાસ પ્રોત્સાહક ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. રાજ્યમાં પહેલીવાર ગ્રામીણ વિસ્તારમાં સ્વચ્છતા સર્વેક્ષણ હાથ ધરવામાં આવી રહ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા આ સ્વચ્છતા સર્વેક્ષણ અંગે તાજેતરમાં એક વિડીયો કોન્ફરન્સ યોજી અને સર્વેક્ષણ માટેનું વિવિધલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારે શિક્ષણ, આરોગ્ય, માર્ગ-મકાન વિભાગ સહિતના વિવિધ વિભાગોને સ્વચ્છતા સર્વેક્ષણ અંગે લોકોમાં જાગૃતિ આવે અને સ્વચ્છતાના આગ્રહી બને તે માટે અભિયાન ચલાવે એટલુ જ નહિ દરેક તાલુકો કેવી રીતે રાજ્યમાં અગ્રીમ સ્થાને મૂલ્યાંકનમાં પહોંચી શકે છે તેની સમજ આપે.

મળતી વિગતો મુજબ સ્વચ્છતા સર્વેક્ષણ અંગે ટૂંકમાં જ પંચાયતના પદાધિકારીઓનો અલાયદો વર્કશોપ યોજી અને સમજ આપવા બાબતે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે. સ્વચ્છતા સર્વેક્ષણને લઈ તંત્ર દ્વારા તેની કવાયત પણ હાથ ધરી દેવામાં આવી છે. પંચાયતોમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા સહિતના મુદ્દાઓનો સર્વેક્ષણમાં સમાવેશ કરાયો હોવાનું જાણવા મળેલ છે.

અમદાવાદના બે શોપીંગ મોલ્સમાં મફત પાર્કિંગ વ્યવસ્થા અમલી

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા હલ કરવાના હેતુથી આજે ટ્રાફિક વિભાગ દ્વારા મહત્વના નિર્દેશો જારી કરી શોપીંગ મોલ્સ સહિતના સ્થળોએ પાર્કિંગ ફીની વ્યવસ્થા અમલી બનાવવામાં આવતાં લોકોમાં ભારે ખુશી અને રાહતની લાગણી ફેલાઈ ગઈ હતી. શહેરના ડ્રાઈવઈન રોડ પર હિમાલયા મોલ, આલ્ફા વન મોલ સહિતના વિવિધ સ્થળોએ જ આ નિર્ણયની આજથી અમલવારી શરૂ કરી દેવાઈ હતી. એટલું જ નહી, હિમાલયા મોલ સહિતના સ્થળોએ તો ફ્રી પાર્કિંગ વ્યવસ્થા દેખાય એ રીતે એકથી વધુ બોર્ડ પણ લગાવાયેલા નજરે પડતા હતા. જેના કારણે લોકો ફ્રી પાર્કિંગમાં વાહનો પાર્ક કરવા પ્રેરાયા હતા અને પરિણામે રોડ પરના આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકમાં ઘટાડો નોંધાયો હતો.

ભાડે / વેચાણ આપવાના છે

ભાડે :_____
● ફલેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે ● બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

વેચાણ :_____
● ફલેટ 2BHK સૌંદર્ય-૪૪, ખ રોડ ● ફલેટ - ગ્રા.ફલોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે. ● ફલેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે. ● બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

ભાડે / વેચાણ જોઈએ છે.
ફલેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

THE SPACE
9328801440
9328701440

આજથી શહેરમાં ગૌરી વ્રત

કુમારિકાઓએ તૈયાર જ્વારા સહિત પૂજાપા-શણગારની ખરીદી કરી : સૂકા મેવાની ઘરાકીમાં પણ ઉછાળો જોવા મળ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગોરમાંનો વર કેસરિયો, નદીએ ન્હાવા જાય... આ પ્રકારના ગીતો બાલિકાઓના મુખે આવતીકાલથી સાંભળવા મળશે કેમ કે સોમવારથી ગૌરીવ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે.

અષાઢ માસની એકાદશીથી આ વ્રતનો પ્રારંભ થાય છે. જેમાં કુમારિકાઓ જ્વારાને ઉછેરી પાંચ દિવસ સુધી ઉપવાસ કરી અથવા મીઠા વગરનો ખોરાક કે ફળ-દૂધ-સુકો મેવો વગેરે લઈને કરે તેમજ ગોરમાનું પૂજન કરશે. તેમજ છેલ્લાં દિવસે જાગરણ કરી પૂર્ણાહુતિ કરશે. ગૌરી વ્રત માટે બજારમાં તૈયાર જ્વારા સહિત વિવિધ પૂજાપો અને શણગાર તથા સૂકામેવાની ખરીદીમાં ધસારો જોવા મળ્યો હતો.

જીવનમાં ઉત્તમ પતિની પ્રાપ્તિ થાય તે હેતુથી બાલિકાઓ દ્વારા ગૌરીવ્રત કરવામાં આવતું હોય છે. આ વ્રતમાં બાલિકાઓ એક માટીના કુંડામાં જ્વારા ઉછેરે છે અને તેની સાથે ગોરમાનું સ્થાપન કરી પૂજા-અર્ચના કરે છે.

સુઘડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના વિભાજનની દરખાસ્ત રાજ્ય આરોગ્ય તંત્રએ ફગાવી દીધી

હવે સામાન્યસભામાં ખાસ પ્રસ્તાવ રજુ કરી પુનઃ વિચારણા કરવા જણાવાશે તેવા સંકેતો : કુડાસણમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની દરખાસ્તનો અસ્વીકાર કરાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના સુઘડ પ્રા.આ. કેન્દ્રના વિભાજન માટેની દરખાસ્ત સરકાર દ્વારા નકારી કાઢવામાં આવી છે.

ગાંધીનગર તાલુકાના સુઘડ પ્રા.આ. કેન્દ્રમાં આવરી લેવાયેલ વિસ્તારમાં વિકાસ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને વસ્તીનું ભારણ સતત વધી રહ્યુ છે ત્યારે આ પ્રા.આ. કેન્દ્રની સેવાઓ પુરા વિસ્તારને પહોંચી શકે તેટલી સંખ્યામાં કર્મયોગીઓ પણ નથી.

આ બધી હકીકતોને ધ્યાને લઈ જિલ્લા આરોગ્યતંત્રએ કુડાસણમાં નવુ પ્રા.આ. કેન્દ્ર બનાવવુ જોઈએ તેવી દરખાસ્ત પંચાયતના જરૂરી પ્રમાણપત્રો મેળવી અને રજુ કરી હતી. રાજ્યના આરોગ્ય કમિશ્નરશ્રીની કચેરીએ વસ્તીનું ૨૦૧૧નું પરિણામ દર્શાવી અને હાલ તાલુકામાં વસ્તીના પ્રમાણમાં ૧ પ્રા.આ. કેન્દ્ર વધારે હોવાનું જણાવી વાતને નકારી કાઢી છે.

મળતી વિગતો પ્રમાણે સુઘડ પ્રા.આ. કેન્દ્રમાં સુઘડથી શરૂ કરી કોબા, નભોઈ, સરગાસણ, રાયસણ, કુડાસણ, ભાઈજીપુરા સહિતનો વિસ્તાર આવે છે. આ વિસ્તારમાંથી પેરીફેરી એકટ ઉઠી ગયા બાદ જે રીતે વિકાસ ઝડપી બની વિસ્તરી રહ્યો છે તેને કારણે વસ્તીનું ભારણ વધી જવા પામ્યુ છે. પંચાયતમાં અને સરકારમાં પણ આ સેમી અર્બન વિલેજ તરીકે ઓળખાતા ગામો બન્યા છે પણ આ વિસ્તારમાં આરોગ્યની સેવાઓનું સઘનીકરણ થઈ શક્યુ નથી.

જિલ્લાતંત્ર સરકારના આ નિર્ણય સામે આગામી દિવસોમાં સામાન્યસભામાં એક અલાયદો પ્રસ્તાવ રજુ કરી પુનઃ વિચારણા માટે ભલામણ કરે તેવી શક્યતાના સંકેત મળી રહ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com